# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/ક્વીઝ/૨૦૧૯/૪૦ તા.૨૩/૦૧/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
પ્રાથમિક શાળા- તમામ
જિ. ભાવનગર

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : ઑફીસ ઑફ ડિસ્ટ્રીક્ટ ઇલેકશન ઓફીસર, કલેક્ટર કચેરી, ભાવનગરનાં પત્રાંક ચૂંટણી/વશી/ફા.નં.૨/૨૦૧૯, તા.૧૮/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષયે સંદર્ભદર્શીત પત્ર પરત્વે જણાવવાનું કે રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ની ઉજવણી અંતર્ગત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં ધો-૬ થી ધો-૮ માં અભ્યાસ કરતા બાળકો વચ્ચે વકૃત્વ સ્પર્ધા, ચર્ચા મોક પોલ્સ, ચિત્ર અને ક્વિઝ સ્પર્ધાઓ વગેરેનું આયોજન <u>તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન "NO VOTER TO BE LEFT BEHIND"</u> થીમ પર કરવાનું થતુ હોય <u>તા.૨૪/૦૧/૨૦૧૯નાં રોજ ઉપરોક્ત સ્પર્ધાઓનું આયોજન કરી તા.૨૫/૦૧/૨૦૧૯નાં રોજ સાંજે ૫:૦૦ કલાક પહેલા</u> સ્પર્ધામાં ભાગ લિધેલ વિદ્યાર્થીઓની આંકડાકીય માહિતી તથા બધીજ સ્પર્ધા અંગેનો સ્પષ્ટ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે, (Email: **yojana.deobhav@gmail.com** પર મેલ કરી હાર્ડકોપી અત્રેની શાખાને નિયત સમય મર્યાદામાં મોકલવાની રહેશે).

**ઉપરોક્ત તમામ આયોજનની વિગતો કલેક્ટર સાહેબશ્રીની કચેરીને મોકલવાની હોવાથી, જે શાળા અહેવાલ,ફોટોગ્રાફ્સ અને આંકડાકીય માહિતી નહીં મોકલે તે શાળાના આચાર્ય/ટ્રસ્ટીની ગંભીર નોંધ લઇ કડક પગલા લેવામાં આવશે**

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી- સદર કચેરી

Scanned by CamScanner

ELECTION
IMMEDIATE

Phone : 0278-2428019
0278-2420305
Fax No : 0278-2428019

# OFFICE OF THE
# DISTRICT ELECTION OFFICER
# BHAVNAGAR

OFFICE OF THE COLLECTOR, MOTIBAUG ROAD, BHAVNAGAR

નં.ચૂંટણી/વશી/ફા.નં.૨/૨૦૧૯ તા.૧૮/૧/૨૦૧૯

પ્રતિ,

(૧) મતદાર નોંધણી અધિકારીશ્રી,
અને પ્રાંત અધિકારીશ્રી, ભાવનગર, પાલીતાણા, તળાજા, મહુવા,

(૨) મતદાર નોંધણી અધિકારીશ્રી,
અને નાયબ જિલ્લા વિકાસ (મહેસુલ, વિકાસ) અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગર

(૩) મતદાર નોંધણી અધિકારીશ્રી,
અને નાયબ કમિશ્નરશ્રી, મ.ન.પા. ભાવનગર.

(૪) મદદનીશ મતદાર નોંધણી અધીકારીશ્રી અને મામલતદારશ્રી મહુવા, તળાજા, પાલીતાણા, ગારીયાધાર, શિહોર, ઘોઘા, ભાવનગર ગ્રામ્ય, ભાવનગર સીટી, જેસર.

(૫) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,ભાવનગર

(૬) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,ભાવનગર

(૭) શાસનાધિકારીશ્રી,ભાવનગર

વિષયઃ- રાષ્ટ્રીય મતદાતા દિવસ -૨૦૧૯ ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભઃ- અધિક મુખ્ય નિર્વાચન અધિકારી,ગુ.રાજય ગાંધીનગરના પત્ર ક્રમાંકઃએનવીડી-૧૦૨૦૧૮-છ-૪૦૫૧-છ તા.૨૦/૧૧/૨૦૧૮

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,ગુજરાત રાજયની સુચના અનુસાર રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ની ઉજવણી અનુસંધાને રાજયની શાળાઓમાં ધોરણ-૬ થી ૮ માં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે – વકૃતત્વ' સ્પાર્ધા, ચર્ચા મોક પોલ્સ ,ચિત્ર અને કિવઝ સ્પર્ધાઓ વગેરેનું આયોજન તમેજ ચિત્ર સ્પાર્ધાનું આયોજન ' NO VOTER TO BE LEFT BEHIND ' થીમ પર કરવાનું થતુ હોઇ ઘટિત કાર્યવાહી સત્વરે કરવા વિનંતી છે.

બિડાણઃ- સંદર્ભદર્શિત પત્ર

નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી
ભાવનગર

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં.: ૫૫૪
તારીખ: 23/1/19
શાખા: ...

Scanned by CamScanner

ELECTION IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

## GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : એનવીડી-૧૦૨૦૧૮-૪૦૫૧-છ

તારીખ : ૨૦-૧૧-૨૦૧૮

પ્રતિ,

કલેક્ટર અને જીલ્લા ચૂંટણી અધિકારી (સર્વે)

વિષય : રાષ્ટ્રિય મતદાતા દિવસ, ૨૦૧૯
રાષ્ટ્રિય મતદાતા દિવસ,૨૦૧૯ અંતર્ગત કરવાની થતી કાર્યવાહી બાબત.....

શ્રીમાન,

ચૂંટણી પંચ, નવી દિલ્હીએ તારીખ : ૨૫મી જાન્યુઆરીને ચૂંટણી પંચના સ્થાપના દિન તરીકે "રાષ્ટ્રિય મતદાતા દિવસ" તરીકે જાહેર કરેલ છે. આ વર્ષે નવમા "રાષ્ટ્રિય મતદાતા દિવસ-૨૦૧૯" ની ઉજવણી તારીખ : ૨૫-૦૧-૨૦૧૯ના રોજ રાજયભરમાં કરવામાં આવનાર છે. રાષ્ટ્રિય મતદાતા દિવસની માર્ગદર્શક સ્થાયી સુચનાઓ ચૂંટણી પંચ, નવી દિલ્હીના તારીખ: ૧-૧૧-૨૦૧૧ના પત્રક્રમાંક : 491/SVEEP/2011(NVD) થી આપેલ છે જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. રાષ્ટ્રિય મતદાતા દિવસ, ૨૦૧૯ની ઉજવણી સંદર્ભે ચૂંટણી પંચ, નવી દિલ્હીના તારીખ : ૧૬-૧૧-૨૦૧૮ના પત્રક્રમાંક : 491/ECI/LET/FUNC/SVEEP-I/NVD/2018 ની નકલ આ સાથે સામેલ રાખી જણાવવાનું કે, નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવા તેમજ તેનો યોગ્ય રીતે અમલ થાય તે જોવા વિનંતી છે. વર્ષ ૨૦૧૯માં ઉજવવામાં આવનાર રાષ્ટ્રિય મતદાતા દિવસ માટેની થીમ 'NO VOTER TO BE LEFT BEHIND' રાખવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯માં લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. આ પરિપેક્ષ્યમાં રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી દરમ્યાન લાયકાત ધરાવતા તમામ લોકોની મતદાર તરીકેની નોંધણી તથા નૈતિક અને જાણકારી સાથે (Informed) મતદાન માટેની જાગૃતિ માટેના કાર્યક્રમોનું આયોજન કરવા વિનંતી છે.

૧) રાષ્ટ્રિય મતદાતા દિવસ-૨૦૧૯ની ઉજવણી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જીલ્લા વડામથકે, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા તાલુકા વડા મથકે તથા પોલિંગ સ્ટેશન લોકેશન પર કરવાની છે. આ ઉજવણી દરમ્યાન યુવા, મહિલા, દિવ્યાંગ, સીનીયર સીટીઝન, સેવા મતદારો, વિદેશમાં વસવાટ કરતા ભારતીય તથા ને ચૂંટણી પ્રક્રિયાની જાણકારી મળી રહે તે મુજબ તથા તેમને મતદાન માટે પ્રોત્સાહિત કરવા માટેના કાર્યક્રમો પંચાયતી રાજ સંસ્થાઓ / શૈક્ષણિક સંસ્થાઓ / સીવીલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન સાથે સંયુકત પણે હાથ ધરવા.

૨) શૈક્ષણિક સંકુલોમાં મતદાર સાક્ષરતા કલબ તથા મતદાન મથક પર ચૂનાવ પાઠશાળા દ્વારા મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય કરવા માટે સતત પ્રવૃતિઓ હાથ ધરવી.

૩) બુથ લેવલ ઓફિસર મારફત નવા મતદારોમાં વહેંચણી કરાવી રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી દરમ્યાન બહુમાન કરવાનું છે. નવા નોંધાયેલ યુવા મતદારોને જીલ્લા / વિધાનસભા મતવિભાગ / મતદાન



Scanned by CamScanner

મથકે તેમના EPIC તથા 'બેજ' આપવાના છે. બેજ પર "મને મતદાર હોવાનો ગર્વ છે, હું અવશ્ય મતદાન કરીશ" (Proud to be a Voter - Ready to Vote)નું સુત્ર છપાવી, તારીખ : ૧-૧-૨૦૧૯ની લાયકાતની તારીખના સંદર્ભમાં પ્રથમ વખત મતદાર યાદીમાં નોંધાયેલ હોય તેવા ત્રણ યુવા પુરૂષ અને ત્રણ યુવા મહિલા મતદારોને જીલ્લા કક્ષાના સમારંભમાં મતદાર ફોટો ઓળખકાર્ડ EPIC તથા 'બેજ' આપી સન્માનવાના છે.

૪) EVM-VVPAT અંગેની ગુજરાતી ફિલ્મ જે દરેક જીલ્લાને મોકલી આપવામાં આવેલ છે, (ftp Server પર ઉપલબ્ધ છે) તે આપના જીલ્લામાં દરેક જાહેર કાર્યક્રમોમાં દર્શાવવી. આ ઉપરાંત જો આપના જીલ્લા તરફથી મતદાર તરીકે નોંધણી કે મતદાન અંગેની કોઈ ફિલ્મ / ક્વીકી તૈયાર કરવામાં આવેલ હોય તો તેને પણ પ્રદર્શિત કરવી.

૫) મતદાન મથક લોકેશન પર આ દિનની ઉજવણી માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીએ સ્થળ અને આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ તેમના ક્ષેત્રાધિકારમાં આવતા મતદાન મથક લોકેશન કે અન્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નવા નોંધાયેલ મતદારોનું સન્માન કરવું.

૬) નવા મતદારો માટે કોલેજ / યુનિવર્સીટી, ભાવિ મતદારો માટે સ્કુલ કક્ષાએ તથા શિક્ષણ સાથે સંકળાયેલ ન હોય તેવા મતદારો માટે ચૂનાવ પાઠશાળા કક્ષાએ રિસોર્સ બુકમાં દર્શાવ્યા મુજબ કાર્યવાહી હાથ ધરવી.

૭) જે મતદાર સાક્ષરતા કલબ / ચૂનાવ પાઠશાળા દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા કરી શ્રેષ્ઠ કામગીરી કરેલ હોય તેવી મતદાર સાક્ષરતા કલબ / ચૂનાવ પાઠશાળાનું જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં સન્માન કરી તેમની કામગીરી બદલ શ્રેષ્ઠતા પ્રમાણપત્ર (MERIT CERTIFICATE) આપવું.

૮) જીલ્લા / વિધાનસભા મતવિભાગ / મતદાન મથક લોકેશન પર કરવાના થતા આ કાર્યક્રમ માટે ખાસ સ્ટાફની ફાળવણી કરવી. બુથ લેવલ ઓફિસરને મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી સંદર્ભમાં કરવાની કાર્યવાહી અંગેની તાલીમ આપવી.

૯) યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૮ અંતર્ગત આપના જીલ્લા માં પસંદ થયેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ તૈયાર કરનાર પાર્ટીસીટન્ટસને નિયત થયા મુજબ રોકડ રકમ તથા પ્રમાણપત્ર આપી આ કાર્યક્રમ દરમ્યાન સન્માન કરવું.

૧૦) રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણીમાં મોટા પ્રમાણાં યુવા મતદારો ઉપસ્થિત રહે તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

૧૧) તારીખ : ૧૫મી જાન્યુઆરીના રોજ "આર્મી ડે" નિમિત્તે સેવા મતદારોને નોંધણી અને મતદાન અંગેની સમજણ આપતા ખાસ કાર્યક્રમો હાથ ધરવા. ચૂંટણી પંચ તરફથી સેવા મતદારો માટે તૈયાર કરવામાં આવેલ ફિલ્મ જે અગાઉ દરેક જીલ્લાને મોકલી આપવામાં આવેલ છે (ftp Server પર ઉપલબ્ધ છે), તેનો પ્રચાર પ્રસાર માટે વ્યાપક ઉપયોગ કરવો, જીલ્લામાં આવેલ સિનેમાઘરો તથા કેન્ટોનમેન્ટ વિસ્તારમાં દર્શાવવા. જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં આપના જીલ્લામાં આવેલ સેવા મતદારોને ઉપસ્થિત રાખી તેમનું સન્માન કરવું.

૧૨) જીલ્લા ચૂંટણી અધિકારીએ તેમના જીલ્લામાં દૂરદર્શન / આકાશવાણી પર ફોન-ઈન કાર્યક્રમનું આયોજન કરી ચૂંટણી પ્રક્રિયા અંગે લોકોમાં વ્યાપક જાણકારી મળી રહે તે માટેના પ્રયત્નો કરવા.

૧૩) રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી અને તેના ધ્યેયને અનુરૂપ સઘન પ્રચાર પ્રસાર માટે પ્રિન્ટ, વિજાણું માધ્યમો રેડીયો, ટીવી, સોશિયલ મીડીયા, SMSes, e-mail વગેરે) તથા સાંસ્કૃતિક જૂથોનો સહકાર

Scanned by CamScanner

મેળવવો. રાજય સરકારના જુદાજુદા વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતા જુદા જુદા કાર્યક્રમો જેમ કે. ગરીબ કલ્યાણ મેળા, અસંગઠિત મજૂરો માટે મેળો, કૃષિ મેળા વગેરે જેવા કાર્યક્રમોમાં મતદાર કેળવણી અને જાગૃતિની પ્રવૃતિઓ પણ હાથ ધરવામાં આવે તે મુજબની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

૧૪) તારીખ : ૨૫–૦૧–૨૦૧૯ના રોજ પ્રિન્ટ મીડીયામાં જાહેરાત દ્વારા રાષ્ટ્રિય મતદાતા દિવસના ધ્યેયને ઉજાગર કરવો.

૧૫) જીલ્લા / તાલુકા કક્ષાએ દરેક સરકારી કચેરીઓમાં, પોલિંગ સ્ટેશન લેવલે દરેક શાળા, કોલેજોમાં રાષ્ટ્રિય મતદાતા દિવસ અંગે નિયત કરેલ પ્રતિજ્ઞા લેવાની છે. આ અંગે બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવે તે ખાસ જરૂરી છે.

૧૬) રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે વાલીઓએ પણ નિયત કરેલ 'પ્રતિજ્ઞા' લેવાની છે.

૧૭) જીલ્લા કક્ષાના સમારંભમાં જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ ERO / AERO / Sector Officer / BLOનું પ્રમાણપત્ર આપી સન્માન કરવાનું રહેશે. આ અંગેના પ્રમાણપત્રનો નમૂનો અત્રેથી આપવામાં આવશે.

૧૮) આપના જીલ્લામાં નિયુકત કેમ્પસ એમ્બેસેડર પૈકી, મતદારયાદી સુધારણા, ૨૦૧૮ અને ૨૦૧૯ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરેલ હોય તેવા, NSS State Regional Centre, અમદાવાદ દ્વારા ભલામણ કરવામાં આવે તેવા કેમ્પસ એમ્બેસેડરને રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી દરમ્યાન પ્રમાણપત્ર આપી સન્માન કરવું.

૧૯) જીલ્લા કક્ષાના રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણીના સમારંભમાં જીલ્લા ન્યાયધીશ, સીનીયર ઓફિસર જેમ કે, પ્રભારી સચિવ, IG, Range DIG, જીલ્લા પોલિસ વડા, પોલિસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર, સ્ટેટ આઈકોન, રેડીયો જોકી જેવા પ્રતિષ્ઠિત વ્યકિતઓ પૈકી સમારંભના મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપી શકાય તે બાબત ધ્યાને લેવા વિનંતી છે.

૨૦) જીલ્લા કક્ષાના રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણીમાં આપના જીલ્લાના સીનીયર સીટીઝનને સમારંભમાં ઉપસ્થિત રહેવા માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી કક્ષાએથી અચૂક અમંત્રણ પાઠવવામાં એવી વ્યવસ્થા કરવાની રહેશે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લઈ રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવાનું છે. ***રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી દરમ્યાન SVEEP અંતર્ગત નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આ સમગ્ર પ્રવૃતિઓ તુરતજ હાથ ધરવાની રહેશે.આ સમગ્ર પ્રવૃતિઓ પુરસ્કૃત (Sponsorship base) અથવા PRO BONO કરવાની રહેશે. પરંતુ યુવા મતદાર મહોત્સવ અને મતદાન મથક કક્ષાએ હાથ ધરવાના કાર્યક્રમો માટે મતદાન મથક દીઠ ₹ ૨૫૦.૦૦ ની મર્યાદામાં SVEEP હેઠળ ફાળવવામાં આવેલ ફંડનો ઉપયોગ કરી શકાશે.***

આ ઉપરાંત કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને યોગ્ય જણાય તો નીચે જણાવેલ કાર્યક્રમો માટે પણ જીલ્લા કક્ષાએ જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી છે.

૧) રાષ્ટ્રિય મતદાતા દિવસના ઉપલક્ષમાં 'ડાયલટોન–મેસેજ' માટે શકયતઃ પ્રયત્નો કરવા, તેમજ 'whatsApp' માટે ગ્રૂપ બનાવી રાષ્ટ્રિય મતદાતા દિનની શુભેચ્છા 'whatsapp' પર પાઠવવાની રેહેશે.

Scanned by CamScanner

૨) મતદાર યાદીમાં નામ નોંધાવવાની પ્રક્રિયાની સરળતા અંગે માર્ગદર્શન તથા પ્રતિજ્ઞા લેવા અંગેની સમજ આપવા માટે નીચે જણાવ્યા મુજબ તબક્કાવાર બેઠકો કરવી જરૂરી છે.

- મતદાતા તરીકેની લાયકાત ધરાવતા યુવાનોના નામ મતદાર યાદીમાં નોંધાય તથા તેમને મતદાન માટે પ્રોત્સાહિત કરવા દરેક સ્કુલ / કોલેજોમાં વાલી–શિક્ષક સંગઠનો, VEC સાથે ચર્ચાવિચારણા કરવી. આવી બેઠક નાયબ કલેકટર કક્ષાના અધિકારીની અધ્યક્ષતામાં યોજાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- મહિલા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા તથા રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી બાબતે ઉત્સાહ અને જાગૃતિ આવે તે હેતુ થી સખી મંડળોના સભ્યો સાથે નિયામકશ્રી, ગ્રામવિકાસ એજન્સી (DRDA), અધિક નિવાસી કલેકટરની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવાનું જરૂરી છે.
- ગામડાના દરેક મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લઈ શકે તે માટે ગામડાની પાણી સમિતિના સભ્યો સાથે મામલતદાર કક્ષાએથી બેઠકનું આયોજન કરવું તેમજ આવી તમામ બેઠકોમાં તલાટી ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩) રાષ્ટ્રિય મતદાતા દિવસના ઉપલક્ષમાં શ્રોતાનો રસ જળવાઈ રહે તે હેતુથી જાહેર જનતા માંથી કોઈ એક સારા વકતા દ્વારા ૧૦ મિનિટનું નૈતિક મૂલ્યો આધારિત મતદાનના (Ethical Voting), ચૂંટણી પ્રક્રિયામાં યુવા મતદારોનો હિસ્સો, મહિલા મતદાતાની સામેલગીરી વગેરે વિષય વસ્તુને ધ્યાનમાં લઈ હેતુલક્ષી અને પ્રેરણાત્મક વકતવ્ય આપવામાં આવે તે મુજબનું આયોજન કરવાનું હેશે.

આ ઉપરાંત આપને યોગ્ય જણાય તેવા કાર્યક્રમો દ્વારા આ દિવસની ઉજવણી સફળ બને અને મતદારોમાં મતદાર કેળવણી અને જાગૃતિ આવે તેવા તમામ પ્રયત્નો કરવા વિનંતી છે. *ઉપર જણાવેલ રાષ્ટ્રિય મતદાતા દિવસના ઉપલક્ષમાં આયોજીત તમામ કાર્યક્રમો/પ્રવૃતિઓનું દસ્તાવેજીકરણ કરવાનું છે આથી જીલ્લામાં જે કાર્યક્રમો હાથ ધરવામાં આવે તેના ગુણવત્તા યુકત ફોટોગ્રાફ / વીડીયોગ્રાફી કરવામાં આવે તેની કાળજી રાખવા વિનંતી છે.*

આપનો વિશ્વાસુ,

(એસ. એમ. પટેલ)
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત.

બીડાણ : ઉપર મુજબ

Scanned by CamScanner